# તમારી પાસેથી હજુ ઘણું શીખવાનું છે બિન્દ્રાજી!

ક્રિકેટના એક સાચા ચાહક અને ક્રિકેટ સાથે જોડાયેલી તમામ બાબતોના જાણકાર, કદાચ તેમને મારા મિત્ર, માર્ગદર્શક અને ક્રિકેટના એક અદભૂત વહીવટકર્તા એવા બિન્દ્રાજીએ આ રમતમાંથી કાયમ માટે વિદાય લેવાનો નિર્ણય કર્યો છે. આજે પંજાબ ક્રિકેટ એસોસિએશન (પીસીએ) તરીકે ઓળખાતી સંસ્થાને સક્રિયપણે આકાર આપવા પાછળ, બીસીસીઆઈ અને ભારતીય ક્રિકેટમાં તેમજ આઈસીસી અને વિશ્વ ક્રિકેટમાં યોગદાન આપવા પાછળ આશરે ૩૬ વર્ષ સુધી સક્રિય રહેનાર ઈન્દરજિત સિંહ બિન્દ્રા જેન્ટલમેન'સ ગેમ તરીકે ઓળખાતી ક્રિકેટનો એક અનંત વારસો છોડી ગયા છે.

બિન્દ્રાજી એટલે ક્રિકેટના એક ચતુર વહીવટકર્તા, સ્વતંત્ર અને નીડર વ્યક્તિ તેમજ આ બધા ઉપરાંત એક અદભૂત માણસ. બિન્દ્રાજીને મળવું અને તેમની સાથે નિકટતાપૂર્વક કામ કરવું એ મારું સૌભાગ્ય, ના, મારો અધિકાર હતો. તેઓ મારા મિત્ર અને ક્રિકેટ સાથે જોડાયેલી તમામ બાબતો પર મારા વિશ્વાસું અને જ્યારે ક્રિકેટના વહીવટની વાત આવે ત્યારે એક માર્ગદર્શક હતાં. બિન્દ્રાજીએ મને તેમની છત્રછાયામાં લીધો અને ક્રિકેટ વિશેનું તેમનું જ્ઞાન મારી સાથે વહેંચ્યું હતું, તેના લીધે જ હું ખરેખર આ રમત પ્રત્યે મોહિત થયો હતો. પોતાની પ્રિય રમતમાં કોઈ વિડંબના જોઈને ક્યારેય શાંતિથી બેસી ન રહેનારા બિન્દ્રાજી બીસીસીઆઈની વાત આવે ત્યારે ઘણી વખત પ્રતિકૂળ પરિસ્થિતિની સામે ઊભા રહેતા હતાં, પણ મેં ક્યારેય તેમને પોતાના સિદ્ધાંતોમાં પાછીપાની કરતા જોયા નથી.

હું મોહાલીમાં આવેલા પીસીએના હોલ્સમાં બિન્દ્રાજી સાથે ચાલવાની એટલી બધી ભાવનાશીલ યાદગીરીઓ ધરાવું છું કે હું બિન્દ્રાજી આ રમતથી દૂર થઈ જાય એવો વિચાર સુદ્ધાં કરી શકતો નથી. વધુ મહત્ત્વની વાત એ છે કે મને તેમના માર્ગદર્શન હેઠળ પીસીએથી લઈને ભારતીય ક્રિકેટ સુધી આ રમતને એક સ્તરથી બીજા સ્તર સુધી નિહાળવાની તક મળી છે. પીસીએ ભારતમાં સૌથી શ્રેષ્ઠ ક્રિકેટ સ્ટેડિયમ પૈકીનું એક છે એ વાતમાં મારા મનમાં કોઈ શંકા નથી, જેની તુલના વિશ્વના અતિ શ્રેષ્ઠ સ્ટેડિયમ સાથે કરી શકાય છે. વર્ષ ૨૦૧૧માં બિન્દ્રાજીના પ્રિય પીસીએ સ્ટેડિયમમાં વર્લ્ડ કપની ભારત અને પાકિસ્તાન વચ્ચેની સેમી-ફાઈનલ મેચનું આયોજન કરવું એ તેમની સુપ્રસિદ્ધ કારકિર્દીની શિરમોર સમાન પળ હતી.

પીસીએ તેમનું મોરપિચ્છ છે, તેમ છતાં મહત્ત્વની વાત એ છે કે બિન્દ્રાજી ઘણી બધી ઉપલબ્ધિઓ ધરાવે છે, જેમાં આપણી પ્રિય રમતના ફાયદા માટે અને ક્રિકેટરોની કુશળતા માટે અથાકપણે કામ

કરનારા એક માણસની સાચી લાક્ષણિક્તા છુપાયેલી છે. હું બિન્દ્રાજીને એવા પહેલકર્તાઓ પૈકીના એક ગણું છું કે જેઓ આ રમતનું સાચું મૂલ્ય સમજ્યા હતાં અને આ રમતનું સાચું સામર્થ્ય બહાર આવે તે માટે ક્રિકેટનું સચોટપણે માર્કેટિંગ કરવામાં સફળ થયાં હતાં. તેઓ ભારતીય ક્રિકેટના એવા જૂજ વહીવટકર્તાઓ પૈકીના એક હતાં કે જે ભારતીય ક્રિકેટ ટેલિવિઝન માર્કેટને ખોલવાના પ્રચંડ ફાયદા સમજ્યાં હતાં અને આ જ સમયગાળા દરમિયાન હું બીસીસીઆઈની દુનિયામાં પ્રવેશ્યો હતો અને તેમની ખૂબ નજીક રહીને કામ કર્યું હતું.

હું બિન્દ્રાજીને સૌપ્રથમવાર મળ્યો હતો એ હજુ ગઈ કાલની જ વાત લાગે છે. રમતના વહીવટમાં મારી કારકિર્દી ટેબલની સામેની બાજુએ બેઠેલા બિન્દ્રાજી સાથે શરૂ થઈ હતી. હું ભારતમાં સ્પોર્ટ્સ પે ચેનલ્સના ડિસ્ટ્રિબ્યુશનના ક્ષેત્રે કારોબાર ઊભો કરવાનો પ્રયાસ કરી રહ્યો હતો. મને લાગે છે કે બિન્દ્રાજી એ વખતે કદાચ એકમાત્ર એવી વ્યક્તિ હતા કે જેઓ રમતનો કારોબાર અન્ય તમામ કારોબારથી વિપરીત એવી રીતે ચડિયાતી કામગીરી કરવાની ક્ષમતા ધરાવે છે એ સમજી ગયા હતાં, તેથી જ તેમણે મને ભારતમાં ઈએસપીએન અને ત્યાર બાદ ટેન સ્પોર્ટ્સ દ્વારા ટેલિવાઈઝ્ડ ક્રિકેટ લાવવામાં મદદ કરી હતી.

મારું માનવું છે કે એ પણ જાણી ગયા હતા કે લાઈવ સ્પોર્ટ્સ એ એક એવી બાબત છે કે જેના માટે ભારતીય ટેલિવિઝન દર્શકો ટૂંક સમયમાં જ પાકટતા ધારણ કરશે અને આ પ્રકારના સ્પોર્ટ્સ માટે પૈસા ચૂકવવા તૈયાર થઈ જશે. બિન્દ્રાજી અને કદાચ શ્રી દાલમિયા, આ બે જ લોકો એવા હતા કે જે આશરે બે દશક કરતા પણ વધુ સમય પૂર્વે પ્રસારણ અધિકારોના મૂલ્યને સમજી ગયા હતાં.

મને સ્પષ્ટપણે યાદ છે કે ઈંગ્લેન્ડ અને વેલ્સ ક્રિકેટ બોર્ડ, બીસીસીઆઈ, ક્રિકેટ ઓસ્ટ્રેલિયા, ન્યૂ ઝીલેન્ડ ક્રિકેટ, વેસ્ટ ઈન્ડિઝ અને શ્રીલંકાના પ્રસારણના અધિકારો ખરીદવા અંગે મેં ઈએસપીએનના માધ્યમથી પ્રયાસ હાથ ધર્યા હતાં. બિન્દ્રાજીએ મને કહ્યું હતું કે હું ભારતીય ક્રિકેટને મદદ કરી શકું છું અને વ્યવસ્થાનો એક ભાગ બનવાનો અને તેમાં રહીને વ્યવસ્થાને સુધારવાના પ્રયાસ કરવા એ વ્યવસ્થાને સુધારવા માટેનો શ્રેષ્ઠ રસ્તો છે.

અને આ રીતે વાસ્તવિક અર્થમાં ભારતીય ક્રિકેટ સાથેની મારી કામગીરી શરૂ થઈ. બીસીસીઆઈ સમક્ષ ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ) માટેનું મારું વિઝન મેં ખુલ્લું મૂક્યું ત્યારે તેઓ મારા પડખે ઊભા રહ્યાં હતાં. રાત હોય કે દિવસ હોય, કોઈ પણ સમયે માત્ર એક ફોન કોલ દ્વારા તેમનું માર્ગદર્શન મળી રહેતું હતું. તેમની અન્ય મનપસંદ ભૂમિકા આઈસીસીના પ્રિન્સિપલ એડવાઈઝર

તરીકેની હતી. આ ભૂમિકાના ભાગરૂપે તેમણે વિશ્વના સૌથી વિશાળ બજારો પૈકીના બે બજાર - યુનાઈટેડ સ્ટેટ્સ ઓફ અમેરિકા અને ચીનમાં ક્રિકેટને પ્રમોટ કરવા માટેની યોજના ઘડવા માટે આ બન્ને રાષ્ટ્રનો પ્રવાસ ખેડ્યો હતો.

આજે જ્યારે હું આ લખી રહ્યો છું ત્યારે મારું મન એ ક્રિકેટ માટેના કાર્યોના એ અનંત વારસામાં ખોવાઈ ગયું છે કે જેને આ માણસ પોતાની પાછળ મૂકીને જઈ રહ્યો છે.

મને ખાતરી છે કે તેમના જવાથી ભારતીય ક્રિકેટ નબળું પડશે, કેમ કે ક્રિકેટના એક વહીવટકર્તા તરીકે તેમના પેંગડામાં પગ નાખવો એ ખરેખર ખુબ મોટી વાત છે. હું તેમને શુભકામના પાઠવું છું અને હું જાણું છું કે તેઓ માત્ર મને જ નહીં પણ ભારતીય ક્રિકેટિંગની વ્યવસ્થાને સુધારવા ઈચ્છતી કોઈ પણ વ્યક્તિને તમામ પ્રકારની મદદ અને માર્ગદર્શન માટે હંમેશા ઉપલબ્ધ રહેશે.

બીસીસીઆઈની કટોકટી વિશેના મારા વિચારોને મારા ટ્વિટર એકાઉન્ટ @lalitkmodi દ્વારા ફોલો કરો.